GJRJ040018452022

| | | | |
|---|---|---|---|
| દાખલ તારીખ | ૧૪ | ૦૯ | ૨૦૨૨ |
| નોંધ્યા તારીખ | ૧૪ | ૦૯ | ૨૦૨૨ |
| ફેંસલ તારીખ | ૩૦ | ૦૩ | ૨૦૨૬ |
| | વર્ષ | માસ | દિવસો. |
| સમયગાળો. | **૦૩** | **૦૬** | **૧૬** |

सत्यमेव जयते

**ગોંડલના મહે.એડીશ્નલ ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, મુ.ગોંડલ.**
**( મેહુલ ડી. પરમાર)**
એડીશ્નલ ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ
મુ.ગોંડલ.જી.રાજકોટ.
**( ચુકાદાની તા.૩૦/૦૩/૨૦૨૬)**

**ફોજદારી કેસ નં.૧૯૩૩/૨૦૨૨**
**આંકઃ–**

| **એફ.આઇ.આર.ની વિગતો/ગુન્હો અને પોલીસ સ્ટેશન** | |
|---|---|
| **પોલીસ સ્ટેશનઃ–** | જીલ્લો–રાજકોટ ગ્રામ્ય પોલીસ મથકઃ–ગોંડલ તાલુકા પોલીસ સ્ટેશન વર્ષઃ–૨૦૨૨, પ્રથમ માહિતી અ.ક્રમાંકઃ–૪૮૨/૨૦૨૨ તા.૨૯/૦૬/૨૦૨૨ |
| **ગુન્હોઃ–** | ભારતીય દંડ સંહિતાની કલમઃ–૨૭૨,૭૩,૪૧૭,૪૨૦,૧૧૪ |
| **તહોમતનામા મુજબ તહોમતઃ–** | ભારતીય દંડ સંહિતાની કલમઃ–૨૭૨,૭૩,૪૧૭,૪૨૦,૧૧૪ |
| **ફરીયાદીઃ–** | શ્રી સરકાર(સ્ટેટ ઑફ ગુજરાત) (મૂળ ફરીયાદીઃ–ડી.પી.ઝાલા. પી.એસ.આઇ.) |
| **વિ.એડી.પી.પી.શ્રીઃ–** | શ્રી. એ.એ. પઠાણ. |
| **આરોપીઃ–** | (૧) નિલેશભાઇ મહેન્દ્રભાઇ કારીયા.<br>(૨) કરણભાઇ ભરતભાઇ છગ. |
| **આરોપીઓ તરફે વિ.વ.શ્રીઃ–** | શ્રી એસ.એન.પરમાર |
| **ગુન્હો બન્યા તારીખઃ–** | તા.૧૨/૧૦/૨૦૨૧ |
| **ફરીયાદની તારીખઃ–** | તા.૧૨/૧૦/૨૦૨૧ |
| **ચાર્જશીટની તારીખઃ–** | તા.૧૪/૦૯/૨૦૨૨ |
| **તહોમત ફરમાવ્યાની તારીખઃ–** | તા.૦૩/૧૧/૨૦૨૨ |
| **પુરાવો શરૂ કર્યાની તારીખઃ–** | તા.૨૬/૦૫/૨૦૨૩ |
| **ચુકાદો રાખ્યાની તારીખઃ–** | તા.૩૦/૦૩/૨૦૨૬ |
| **ચુકાદાની તારીખઃ–** | તા.૩૦/૦૩/૨૦૨૬ |

| **સજાના હુકમની તારીખ જો કોઇ હોય તોઃ–** | નિર્દોષ ઠરાવી છોડી મુકતો હુકમ જાહેર કરેલ છે. |
|---|---|

## આરોપીની વિગતઃ–

| આરોપી નંબર | આરોપીનું નામ | ધરપકડની તારીખ | જામીન ઉપર મુક્ત કરવામાં આવેલ હોય તો તેની વિગત | કયા ગુન્હાનો આક્ષેપ છે? | નિર્દોષ છોડવામાં આવ્યા કે કસુરવાર ? | શું સજા કરી? | ક્રિ.પ્રો. કોડની કલમ–૪૨૮ મુજબ ટ્રાયલ પડતર હોય તેવા સમય દરમિયાન કેટલો સમય કાચા કામના કેદી તરીકે રહેલા છે. |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | નિલેષભાઇ મહેન્દ્રભાઇ કારીયા. | **૩૦–૦૬–૨૦૨૨** | આરોપી જામીન મુકત છે | ભારતીય દંડ સંહિતાની કલમ–૨૭૨,૨૭૩, ૪૧૭, ૪૨૦, ૧૧૪. | નિર્દોષ ઠરાવી છોડી મુકતો હુકમ જાહેર કરેલ છે. | લાગુ પડતુ નથી. | –– |
| ૨ | કરણભાઇ ભરતભાઇ છગ. | **૩૦–૦૬–૨૦૨૨** | આરોપી જામીન મુકત છે | ભારતીય દંડ સંહિતાની કલમ–૨૭૨, ૨૭૩,૪૧૭, ૪૨૦, ૧૧૪. | નિર્દોષ ઠરાવી છોડી મુકતો હુકમ જાહેર કરેલ છે. | લાગુ પડતુ નથી. | –– |

## ફરીયાદપક્ષ, બચાવપક્ષ અને કોર્ટના સાહેદોનું લીસ્ટ

## (એ) ફરીયાદપક્ષ તરફે :–

### ::– ફરીયાદપક્ષનો મૌખીક પુરાવો ::–

| અ.નં. | સાહેદનું નામ | વિગત | આંક |
|---|---|---|---|
| (૧) | નિલેષભાઇ રણછોડભાઇ ઠુંમરની જુબાની. | સાહેદ. | ૧૦ |
| (૨) | બલભદ્રસિંહ ઉર્ફે કાનભા મંગળસિંહ જાડેજાની જુબાની. | પંચસાહેદ | ૧૮ |
| (૩) | મદનસિંહ જેઠુસિંહ ચૌહાણની જુબાની. | સાહેદ | ૩૧ |
| (૪) | દિગ્પાલસિંહ નિરૂભા ગોહિલની જુબાની. | સાહેદ | ૩૨ |
| (૫) | હરીશભાઇ ઘનશ્યામભાઇ ગુરબાનીની જુબાની. | સાહેદ | ૩૯ |
| (૬) | અજયભાઇ પ્રભુદાસ અડતીયાની જુબાની. | સાહેદ | ૪૨ |
| (૭) | રોહિતભાઇ રણછોડભાઇ ઠુંમરની જુબાની. | સાહેદ | ૪૫ |
| (૮) | દિપેન્દ્રસિંહ અજીતસિંહ ઝાલાની જુબાની. | સાહેદ. | ૪૬ |
| (૯) | દિનેશભાઇ કેશુભાઇ પદમાણીની જુબાની. | સાહેદ | ૪૭ |
| (૧૦) | શકિતસિંહ મનુભા જાડેજાની જુબાની. | સાહેદ. | ૪૯ |
| (૧૧) | વિપુલભાઇ રવજીભાઇ ગુજરાતીની જુબાની. | સાહેદ. | ૫૦ |
| (૧૨) | સાગરભાઇ બાવાભાઇ સાકરીયાની જુબાની. | સાહેદ. | ૫૧ |
| (૧૩) | ધવલભાઇ જેન્તીભાઇ સોલંકીની જુબાની. | સાહેદ. | ૫૩ |
| (૧૪) | ધર્મરાજસિંહ પૃથ્વીરાજસિંહ ઝાલાની જુબાની. | ફરીયાદી/ત.ક.અ | ૧૦૮ |

**(બી) બચાવપક્ષે સાહેદ જો હોય તો,**

| સાહેદ નંબર | સાહેદનું નામ | કયા પ્રકારનો સાહેદ/પુરાવો |
|---|---|---|
| – | – | – |

**(સી) કોર્ટ સાહેદ જો કોઇ હોય તો,**

| સાહેદ નંબર | સાહેદનું નામ | કયા પ્રકારનો સાહેદ/પુરાવો |
|---|---|---|
| – | – | – |

**ફરીયાદપક્ષ તરફે અંકે પડેલા દસ્તાવેજી પુરાવાઃ–**

| અ.નં. | વિગત | આંક |
|---|---|---|
| (૧) | ભાડાકરાર. | ૧૧ |
| (૨) | બનાવવાળી જગ્યાનુ પંચનામુ. | ૧૯ |
| (૩) | ધર્મા ડેરીનુ જી.એસ.ટી. વાળુ બીલ. | ૪૦ |
| (૪) | ધર્મા ડેરીનુ જી.એસ.ટી. સર્ટિફિકેટ. | ૪૧ |
| (૫) | અરસ–પરસનો સમજૂતિ કરાર અસલ. | ૪૩ |
| (૬) | એફ.બી.ઓ.ને સ્થળ પર આપેલ સ્થળપ્રત. | ૫૪ થી ૫૮ |
| (૭) | સ્થળ પર તૈયાર કરેલ નાણા પાવતીઓ. | ૫૯ થી ૬૩ |
| (૮) | અલગ અલલગ નમુનાની તૈયાર કરેલ પ્રતની નકલો. | ૬૪ થી ૬૮ |
| (૯) | ફોર્મ નં.૨,૩,૪ | ૫૯ થી ૭૧ |
| (૧૦) | નમુના લેતી વખતે કરેલ કાર્યવાહીની નોંધ. | ૭૨ |
| (૧૧) | સ્થળ પર લીધેલ એફ.બી.ઓ.નુ નિવેદન. | ૭૩ |
| (૧૨) | ભાગીદારી દસ્તાવેજની નકલ. | ૭૪ |
| (૧૩) | ફોર્મ–૫–એ ની નકલ. | ૭૫ |
| (૧૪) | વગર બજયે પરત આવેલ આર.પી.એડી.ની ચાર કવર. | ૭૬ |
| (૧૫) | એસ.ટી. પાર્સલની નકલ. | ૭૭ |
| (૧૬) | નમુનાના ફુડ એનાલીસીસ પત્ર. | ૭૮ |
| (૧૭) | નમુનાના ફુડ એનાલીસીસ પત્રમા સી ઇમ્પ્રેશન મારેલ તે. | ૭૯ |
| (૧૮) | ડી.ઓ.લેટર | ૮૦ |
| (૧૯) | સીઝ કરેલ જથ્થાની જાણ કચેરીને કરતો પત્ર. | ૮૧ |
| (૨૦) | આર.પી.એડી. મળ્યાની એકનોલેજમેન્ટ સ્લીપ. | ૮૨ |
| (૨૧) | ફુડ એનાલીસીસ વડોદરા કચેરીની સ્લીપો. | ૮૩ |
| (૨૨) | સીઝ કરેલ જથ્થાને અન્ય જગ્યાએ ફેરવવા માટેની અરજી. | ૮૪ |
| (૨૩) | રોજકામ. | ૮૫ |

| | | |
|---|---|---|
| (૨૪) | ડી.ઓ.શ્રી ને લખેલ પત્ર. | ૮૬ |
| (૨૫) | ડી.ઓ.શ્રીએ આપેલ નમુનાના રીપોર્ટ. | ૮૭ |
| (૨૬) | પૃથ્થકરણ અહેવાલ. | ૮૮ |
| (૨૭) | ભાગીદારી પેઢીના રજીસ્ટ્શનની વિગતો. | ૮૯ |
| (૨૮) | નોટીસની બજવણી બાદ ડી.ઓ.શ્રીને લખેલ પત્ર. | ૯૦ |
| (૨૯) | ડી.ઓ.શ્રીને તા.૧૮–૫–૨૨ ના રોજ લખેલ પત્ર. | ૯૧ |
| (૩૦) | ડી.ઓ.શ્રી રાજકોટનાએ આપેલ મંજુરી. | ૯૨ |
| (૩૧) | નમુનામાં એજયુડીટેકટીંગ ઓફિસર સમક્ષ દાખલ કરેલ અરજીઓ. | ૯૩ થી ૯૬ |
| (૩૨) | નમુના એજયુડીટેકટીંગ ઓફિસર સમક્ષ દાખલ કર્યાનો લખેલ પત્ર. | ૯૭ |
| (૩૩) | દાખલ કરેલ અરજીઓમાં કલેકટરશ્રી સમક્ષ હાજર રહેવાની નોટીસ. | ૯૮ |
| (૩૪) | એજયુડીટેકટીંગ ઓફિસરશ્રીનો ચુકાદો. | ૯૯ |
| (૩૫) | ચલણની ઝેરોક્ષ. | ૧૦૦ |
| (૩૬) | ફુટ સેફટીનુ નોટીફિકેશન ટ્રેનીંગ સર્ટિફીકેટ સાથે. | ૧૦૧–૧૦૨ |
| (૩૭) | અસલ ફરીયાદ. | ૧૦૯ |
| (૩૮) | તપાસનો ડેપ્યુટ હુકમ. | ૧૧૦ |
| (૩૯) | ભાગીદારી પેઢીનુ લખાણ. | ૧૧૧ |
| (૪૦) | મુદામાલ પૃથ્થકરણ માટે મોકલવાા લખેલ પત્ર. | ૧૧૨ |
| (૪૧) | ડેઝીનેટેડ ઓફિસરને બતાવવા કરેલ પત્ર. | ૧૧૩ |
| (૪૨) | આરોપીઓને અટક કર્યાની સ્ટે.ડા.ની નોંધ. | ૧૧૪ |

**<u>બચાવપક્ષ તરફે આંકે પડેલા દસ્તાવેજો</u>**

| અ.નં. | દસ્તાવેજનું નામ | દસ્તાવેજનું વર્ણન |
|---|---|---|
| – | – | – |

**કોર્ટ તરફે આંકે પાડેલા દસ્તાવેજો**

| અ.નં. | દસ્તાવેજનું નામ | દસ્તાવેજનું વર્ણન |
|---|---|---|
| – | – | – |

## <u>ઃ:- ચુ કા દો ઃ:-</u>

**(૧)** ફરીયાદપક્ષના કેસની ટૂંકમા હકીકત એવી છે કે, તા.૧૨–૧૦–૨૦૨૧ ના રોજ કલાક ૧૪–૨૦ વાગ્યાના સુમારે ગોંડલના ભોજરાજ પરા ગામની જી.આઇ.ડી.સી. મા પ્લોટ નં.૧૭ (નીમીષભાઇ રણછોડભાઇ હુંમરના માલીકીનુ) ગોડાઉન આરોપીઓએ ભાડાપેટે રાખી, અખાધ્ય ઘી બનાવવા માટેની જરૂરી સાધન સામગ્રી મેળવી પોતાના અંગત ફાયદા સારૂ

ગ્રાહકોને " શ્રી સહજ શુધ્ધ ઘી " તથા " સહજ કાઉં ઘી " નામની બ્રાન્ડવાળુ ભેળશેળ ચુકત ઘી બનાવી, શુધ્ધ ઘી અને સારી ગુણવતાવાળુ હોવાનુ જણાવી ગ્રાહકોને વેચાણ કરી, લોકોના જાહેર આરોગ્યને નુકશાન થાય તે રીતે આ ભેળશેળ ચુકત ઘી નુ વેચાણ કરી તેઓની પાસેથી ઘી ની ઉંચી કિંમત લઇ ગ્રાહક સાથે છતરપીંડી કરી, ગુન્હાહીત કૃત્યમાં એકબીજાને મદદગારી કરી, ભારતીય દંડ સંહિતાની કલમ–૨૭૨, ૨૭૩, ૪૧૭, ૪૨૦, ૧૧૪ મુજબના ગુન્હાનુ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૧૭૩ હેઠળ ચાર્જશીટ દાખલ કરેલ છે.

(૨) ઉપરોકત ગુન્હાની ફરીયાદના સંદર્ભમાં આ કામના આરોપીઓને સમન્સ કરતા આરોપીઓ અદાલત સમક્ષ હાજર થતા સી.આર.પી.સી. કલમ–૨૦૭ અન્વયે તેઓને પોલીસ પેપર્સની નકલો આપવામાં આવેલ છે. ત્યારબાદ મારા પુરોગામી ન્યાયાાધીશશ્રીએ આંક–૦૪ થી તહોમતનામુ ફરમાવી, આંક–૦૫ તથા આંક–૦૬ થી ગુન્હા અંગેની પ્લી રેર્ડ કરતા આરોપીઓએ ગુન્હો કર્યાનો ઇન્કાર કરેલો જેથી કેસ પુરાવા પર રાખવામાં આવેલો.

(૩) ફરીયાદપક્ષનો રેકર્ડ પરનો મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવો ધ્યાને લેતા આ કામના આરોપીઓ વિરૂધ્ધનો પુરાવો જણાતો હોય આ કામના આરોપીઓનુ સી.આર.પી. સી. ની કલમ–૧૧૩ અન્વયે વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે તેમાં તેઓની સામે ખોટો કેસ કરવામાં આવે હોવાની હકીકત જણાવેલ છે.ત્યારબાદ શ્રી સરકાર તરફે વિધ્વાન એ.પી.પી.શ્રીએ ફરીયાદપક્ષે રજુ થયેલ તમામ પુરાવાઓને ધ્યાને રાખીનુ આરોપીઓને યોગ્ય શિક્ષા કરવા વિનંતી કરેલી છે.જયારે આરોપીઓના વિધ્વાન વકીલશ્રી એસ.એન.પરમારે દલીલ કરેલી છે કે હાલના કામે ફરીયાદપક્ષ કેસ સાબિત કરી શકેલ નથી કબજે કરવામાં આવેલ મુદામાલમાં માનવ શરીરને હાનિ થાય તેવુ કાંઇ મ/L આવેલ નથી.પૃથકરણ કરનાર ને સાહેદ તરીકે તપાસેલા નથી આમ આરોપીઓની સામે આક્ષેપિત કલમના કોઇ આવશ્યક તત્વો સાબિત થતા ના હોય આરોપીઓને નિર્દોષ ઠરાવવા વિનંતી કરેલી છે.

(૪) સદરહુ કેસમાં રજુ થયેલ પુરાવો ધ્યાને લેતા આરોપી સામેના ગુન્હાના તહોમત ના ન્યાયીક નિર્ણય માટે નીચે મુજબના મુદાઓ ઉપસ્થિત થાય છે.

(૧) શું ફરીયાદપક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે કે, તા.૧૨–૧૦–૨૦૨૧ ના રોજ કલાક ૧૪–૨૦ વાગ્યાના સુમારે ગોંડલના ભોજરાજ પરા ગામની

જી.આઇ.ડી.સી. મા પ્લોટ નં.૧૭ (નીમીષભાઇ રણછોડભાઇ ઠુંમરના માલીકીના) ગોડાઉન આરોપીઓએ ભાડેપેટે રાખી, અખાધ્ય ઘી બનાવવા માટેના જરૂરી સાધન સામગ્રી મેળવી પોતાના અંગત ફાયદા સારૂ ગ્રાહકોને " શ્રી સહજ શુધ્ધ ઘી " તથા " સહજ કાઉં ઘી " નામની બ્રાન્ડવાળુ ભેળશેળ ચુકત ઘી બનાવી, શુધ્ધ ઘી અને સારી ગુણવતા વાળુ હોવાનુ જણાવી ગ્રાહકોને વેચાણ કરી, લોકોના જાહેર આરોગ્યને નુકશાન થાય તે રીતે આ ભેળશેળ ચુકત ઘી નુ વેચાણ કરી તેઓની પાસેથી ઘી ની ઉંચી કિંમત લઇ ગ્રાહક સાથે છતરપીંડી કરી, ગુન્હાહીત કૃત્યમાં એકબીજાને મદદગારી કરી, ભારતીય દંડ સંહિતાની કલમ ૨૭૨, ૨૭૩, ૪૧૭, ૪૨૦, ૧૧૪ મુજબનો શિક્ષાને પાત્ર ગુન્હો કરેલ છે ?

**(૨)** શું હુ ક મ ? .

ઉપરોકત મુદાઓ પરના મારા નિર્ણયો નીચે મુજબ છે.

(૧) ન કા ર માં.

(૨) આ ખ રી હુ ક મ મુ જ બ.

**(૫)** ફરીયાદપક્ષ દ્વારા સાહેદ–નિમેષભાઇ રણછોડભાઇ ઠુંમરને આંક–૧૦ થી સોગંદ પર તપાસેલા છે. તેઓએ તેમની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, તેઓ આરોપીઓને ઓળખે છે. બે–અઢી વર્ષ પહેલા તેમની ભોજપરા જી.આઇ.ડી.સી.માં આવેલ ગોદામ આરોપીઓને વાર્ષીક રૂા.૧૫,૦૦૦/– લેખે ભાડા કરાર કરી ભાડે આપેલ જે ભાડાકરાર આંક–૧૧ થી રજુ છ. તેઓએ આ ગોદામમાં મસાલા રાખવા અને તેમાં પેકીંગ કરવા માટે રાખેલ. બાદ પોલીસની ત્યાં રેડ પડેલ ત્યાં શું પકડાયેલ તેની તેમને ખબર નથી.

સદર સાહેદની આરોપીપક્ષ દ્વારા કરવામાં આવેલ ઉલતપાસમાં તેઓ એ હકીકતનો સ્વિકાર કરે છે કે, એ વાત ખરી છે કે, તેઓએ ગોડાઉન ભાડે આપેલ હતુ. આ ગોડાઉનમાં આરોપીઓ શું ધંધો કરતા હતા તેની તેમને કોઇ ખબર નથી. એ વાત ખરી છે કે,

આરોપીઓના ગોડાઉનમાં નલી ઘી બનાવતા તેની તેમને કોઇ જાતમાહિતી નથી કે તઓએ નઝરે જોયેલ નથી. તેઓએ આ વાત વાતોવાતથી જાણેલી.

**(૬.૧)** આ કામે ફરીયાદપક્ષ દ્વારા પંચસાહેદ–બલભદ્રસિંહ ઉર્ફે કાનભા મંગળસિંહ જાડેજાને આંક–૧૮ થી તથા પંચસાહેદ–સાગરભાઇ બાવાભાઇ સાકરીયાને આંક–પ૧ થી સોગંદ પર તપાસેલા છે. તેઓએ આંક–૧૯ ના બનાવવાળી જગ્યાના પંચનામાની હકીકતને સમર્થન કરેલ નથી.

**(૬.૨)** આ કામે ફરીયાદપક્ષ દ્વારા સાહેદ–મદનસિંહ જેઠુસિંહ ચૌહાણને આંક–૩૧ થી, તથા સાહેદ–દિગ્પાલસિંહ નિરૂભા ગોહીલને આંક–૩૨ થી સોગંદ પર તપાસેલા છે. તેઓએ તેમની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, તા.૧૨–૧૦–૨૦૨૧ ના રોજ તેઓ ગોંડલ તાલુકા પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા હતા તે દિવસે કલાક ૧૩–૪૦ વાગ્યે તેઓ તેમના અધિકારીઓ સાથે પોલીસ સ્ટેશનમાં હાજર હતા ત્યારે પી.એસ.આઇ. શ્રી ઝાલાને બાતમી રાહે હકીકત મળેલી કે આરોપીઓ ભોજપરા જી.આઇ.ડી.સી. પાસે ગાયત્રી ફેબ્રીકેશન વાળી શેરીમાં ગોડાઉન ભાડે રાખી વગર લાયસન્સે કેમીકલ તથા હળદર વિ. પદાર્થની ભેળસેળ કરી સહજ કાંઉ નામની બ્રાન્ડનુ ભેળસેળ યુકત ઘી બનાવે છે અને હાલ ચાલુ છે. બાતમી અંગે તેઓએ પોલીસ સ્ટાફને જાણ કરતા તેઓએ બે પંચોને બોલાવી બાતમીની સમજ કરી પંચો રૂબરૂ બાતમી વાળી જગ્યાએ રેડ કરતા મોટા ડેલા વાળુ એક ગોડાઉન હોય જેનો દરવાજો અડધો ખુલ્લો હોય અંદર જોતા બે ઇસમો હાજર હોય અને ટેબર પર પ્લા.ની બોટલમાં પીળા કલરના પદાર્થ ભરેલ હતી અને બોટલો ઉપર તેનુ સ્ટીકર મારતા હતા જેથી બંન્ને ને કોર્ડન કરી નામ પુંછતા એકે પોતાનુ નામ નીલેશ કારીયા તથા બીજાએ કરણ ભરતભાઇ છગ, રહે–ગોંડલ હોવાનુ જણાવેલ. બોટલો પર જોતા તેમાં શ્રી સહજ કાંઉ ઘી નામન કંપની સ્ટીકર ચોટાડેલા હતા અને આ પ્લા. ની બોટલ ૨૫૦ એમ.એલ. ૫૦૦ એમ.એલ. એક લીટર તથા ૧૫ લીટર ના પતરાના ડબ્બા હતા. આ બંન્ને ઇસમો પાસેથી ઘી ફુડનુ લાયસન્સ માંગતા તેઓ પાસે ન હોવાનુ જણાવેલ. આ ઘી જોતા શંકાસ્પદ હતુ તેઓને પુંછતા તેઓ ઘી બનાવ વેચાણ કરતા હોવાનુ જણાવેલ. ઘી માં ભેળસેળ લાગતા રાજકોટ ફુડ સેફ્ટી અધિકારીને જાણ કરતા ફુડ સેફ્ટી અધિકારીઓ આવતા બંન્ને ઇસમોની ઓળખાણ આપેલ ત્યાં પડેલ વસ્તુઓ તપાસણ અર્થે ફુડ સેફ્ટી અધિકારીએ તપાસણી માટે લીધેલી. અમુક ડબ્બાઓ પર સ્ટીર જોવા મળેલા નહી. અન્ય દશ બોટલો કેમીકલની પડેલ હતી. જે તમામ મુદામાલ પંચનામાન વિગતે કબજે

લીધેલ. શ્રી ડી.પી.ઝાલાએ ફરીયાદ આપેલી. તપાસ કરનાર અધિકારીશ્રીએ બે વાર નિવેદન લીધેલ.

સદર સાહેદોની આરોપીપક્ષ દ્વારા કરવામાં આવેલ ઉલતપાસમાં તેઓ એ હકીકતનો સ્વિકાર કરે છે કે, રેડ વખતે ફુડ સેફટી ઇન્સ. આવેલા અને સેમ્પલ સાથે લઇ ગયેલા. એ વાત ખરી છે કે, પૃથ્થકરણ રીપોર્ટ આવ્યા બાદ તપાસ કરનાર અમલદારે નિવેદન લીધેલા. એ વાત ખરી છે કે, તેઓએ પૃથ્થકરણ રીપોર્ટ વાંચેલ નહિ. એ વાત ખરી છે કે, જે નમુનો લેવામાં આવેલ તો ઝેરી પદાર્થ હોવાનુ તેઓને જાણવા મળેલ નહિ.

**(૬.૩)** આ કામે ફરીયાદપક્ષ દ્વારા સાહેદ–હરીશભાઇ ઘનશ્યામભાઇ ગુરબાનીને આંક–૩૯ થી સોગંદ પર તપાસેલા છે. તેઓએ તેમની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, તેઓ સને–૨૦૨૧ મા દેવી એન્ટરપ્રાઇઝ નામની દુકાનમાં ઘી લે–વેચનો ધંધો કરે છે. સને–૨૦૨૨ મા કોરોના પછી તેમનો ધંધો બંધ કરી દીધેલ. ત્યારબાદ તેમને નિધી ફુડસન માલીક દિનેશભાઇ પટેલનો સંપર્ક થયેલ. બાદ તેમને આરોપીઓના મોબાઇલ નંબર આપેલા અને આરોપીઓ સાથે વાતચીત કરી ધર્મા ડેરી માંથી તેઓએ ૨૩ જેટલા ક્રિમના તેઓએ કાર્ટુન આપેલા. આ તમામ ઓર્ડર ફોનથી બુક કરાવેલ. આ પ્રોડકટનો કિલોએ પાંચ રૂપીયા કમીશન મળતુ હતુ. આ કિલોનો ભાવ રૂા. ૨૩૦ હતો. આ કાર્ટુન અંદાજે રૂા.૧,૦૮,૦૦૦/– ના મંગાવેલા. તેમની અમદાવાદમાં ધર્મા ડેરી હાલ બંધ થઇ ગયેલ છે. જે તે વખતે પોલીસને જી.એસ.ટી. વાળુ બીલ તથા ધર્મા પ્રોડકટ જી.એસ.ટી. વાળુ સર્ટિફિકેટ રજુ કરેલ જે આંક–૪૦ તથા આંક–૪૧ થી રજુ કરેલ છે.

સદર સાહેદની આરોપીપક્ષ દ્વારા કરવામાં આવેલ ઉલતપાસમાં તેઓ એ હકીકતનો સ્વિકાર કરે છે કે, મલાઇનો ઉપયોગ ઘી બનાવવા માટે થાય છે. એ વાત ખરી છે કે મારી સરતપાસમાં જણાવ્યા મુજબ ક્રિમ શબ્દનો અર્થ મલાઇ થાય છે.

**(૬.૪)** આ કામે ફરીયાદપક્ષ દ્વારા સાહેદ–અજયભાઇ પ્રભુદાસ આડતીયાને આંક–૪૨ થી સોગંદ પર તપાસેલા છે. તેઓએ તેમની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, તેઓ સને–૨૦૨૧ માં રાજકોટમાં બેટરીનુ વોલગા નામની દુકાન ચલાવતા હતા. તે વખતે બંન્ને આરોપીઓ તેમની દુકાને આવેલા અને જે તે વખતે નિલકંઠ એન્ટરપ્રાઇઝ નામની તેઓ એજન્સી ચલાવતા હતા. બંન્ને આરોપીઓએ તેઓને જણાાવેલ કે, " શુધ્ધ અને પ્યોર ઘી નુ વેચાણ કરીએ છીએ. જે અમો ગીરીરાજ ફુડસ નામની પેઢીથી ચાલુ કરેલ છે અને અમારી પાસે

બધા લાયસન્સ પણ છે ". આ ઘી નુ વેચાણ કરીને તેઓને ૨૦૦ રૂપીયા કમીશન મળતુ હતુ. આ બંન્ને ભાઇઓએ ખાત્રી આપવા માટે અરસ–પરસ સમજુતીનો કરાર કરી આપેલ જેમાં બંન્નેએ સહિઓ કરી આપેલી અને તમામ પ્રકારની જવાબદારી તેઓની રહેશે તેવુ લખી આપેલ જે કરાર આંક–૪૩ થી રજુ છે.

સદર સાહેદની આરોપીપક્ષ દ્વારા કરવામાં આવેલ ઉલતપાસમાં તેઓ એ હકીકતનો સ્વિકાર કરે છે કે, એ વાત ખરી છે કે, તમામ હકીકતો અરસપરસનો કરાર કર્યા બાદ નકકી કરેલી. એ વાત ખરી છે કે સ્થાનીક જગ્યા પર કરાર કર્યા પછી તેઓ કયારેય ગયેલા નથી. એ વાત ખરી છે કે, બનાવ વાળી જગ્યાએ શું બનાવ બનેલ તેની તેમને જાતમાહિતી નથી.

**(૬.૫)** આ કામે ફરીયાદપક્ષ દ્વારા સાહેદ–રોહિતભાઇ રણછોડભાઇ ઠુંમરને આંક–૪૦ થી સોગંદ પર તપાસેલા છે. તેઓએ તેમની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, તેઓ માંડવી ચોકમાં શાકભાજીનો ધંધો કરે છે. આરોપી નીલેશભાઇ કારીયાને ઓળખે છે. તેમનુ ગોડાઉન ભોજપરા જી.આઇ.ડી.સી.માં ચામુંડા ફેબ્રીકેશન વાળ શેરીમાં ૪૦૦ વારનુ આવેલ છે. આ ગોડાઉન પાંચેક વર્ષ અગાઉ રૂા.૧૫,૦૦૦/– મા ભાડે આપેલ. આ ભાડે રાખનાર બીજા કોણ હતા તેની તેમને ખબર નથી. તેઓએ ભાડે આપ્યા બાદ શું બનાવ બનેલ તેની તેમને ખબર નથી. આ ગોડાઉનમાં પોલીસે ડુપ્લીકેટ ઘી પકડેલ હોય અને તેમને ત્યાં બોલાવેલ હોય તેવુ બનેલ નથી.

સદર સાહેદની આરોપીપક્ષ દ્વારા કરવામાં આવેલ ઉલતપાસમાં તેઓ એ હકીકતનો સ્વિકાર કરે છે કે, એ વાત ખરી છે કે, ગોડાઉનમાં શું બનાવ બનેલ તેની તેમને ખબર નથી.

**(૬.૬)** આ કામે ફરીયાદપક્ષ દ્વારા સાહેદ–દિપેન્દ્રસિંહ અજતસિંહ ઝાલાને આંક–૪૬ થી, સાહેદ–શકિતસિંહ મનુભા જાડેજાને આં–૪૯ થી, સાહેદ–વિપુલભાઇ રવજીભાઇ ગુજરાતીને આંક–૫૦ થી, સોગંદ પર તપાસેલા છે. તેઓએ તેમની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, તા.૧૨–૧૦–૨૦૨૧ ના રોજ તેઓ ગોંડલ તાલુકા પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા હતા તે દિવસે કલાક ૧૩–૪૦ વાગ્યે તેઓ તેમના અધિકારીઓ સાથે પોલીસ સ્ટેશનમાં હાજર હતા ત્યારે પી.એસ.આઇ. શ્રી ઝાલાને ખાનગી રાહે હકીકત મળેલી કે ભોજપરા ગામે જી.આઇ.ડી.સી. માં ડુપ્લીકેટ ઘી બનાવીને વેચાણ રે છે જેથી બે રાહદારી પંચોને બોલાવી બનાવવાળી જગ્યાએ પંચો રૂબરૂ રેડ કરતા મોટા ડેલા વાળુ એક ગોડાઉન હોય જેનો દરવાજો અડધો ખુલ્લો હોય અંદર જોતા બે ઇસમો હાજર હોય અને ટેબર પર પ્લા.ની બોટલમાં

પીળા કલરના પદાર્થ ભરેલ હતી અને બોટલો ઉપર તેનુ સ્ટીકર મારતા હતા જેથી બંન્ને ને કોર્ડન કરી નામ પુંછતા એકે પોતાનુ નામ નીલેશ કારીયા તથા બીજાએ કરણ ભરતભાઇ છગ, રહે–ગોંડલ હોવાનુ જણાવેલ. બોટલો પર જોતા તેમાં શ્રી સહજ કાંઉ ઘી નામન કંપની સ્ટીકર ચોટાડેલા હતા અને આ પ્લા. ની બોટલ ૨૫૦ એમ.એલ. ૫૦૦ એમ.એલ. એક લીટર તથા ૧૫ લીટર ના પતરાના ડબ્બા હતા. આ બંન્ને ઇસમો પાસેથી ઘી ફુડનુ લાયસન્સ માંગતા તેઓ પાસે ન હોવાનુ જણાવેલ. રાજકોટ ફુડ સેફટી અધિકારીને જાણ કરતા ફુડ સેફટી અધિકારીઓ આવતા બંન્ને ઇસમો પાસેથી ત્યાં પડેલ વસ્તુઓ તપાસણી અર્થે ફુડ સેફટી અધિકારીએ તપાસણી માટે લીધેલી. તમામ મુદામાલ પંચનામાન વિગતે કબજે લીધેલ.

સદર સાહેદોની આરોપીપક્ષ દ્વારા કરવામાં આવેલ ઉલતપાસમાં તેઓ એ હકીકતનો સ્વિકાર કરે છે કે, એ વાત ખરી છે કે, રેડ વખતે ફુડ સેફટી ઇન્સ. આવેલા અને સેમ્પલ સાથે લઇ ગયેલા. એ વાત ખરી છે કે, પૃથ્થકરણ રીપોર્ટ આવ્યા બાદ તપાસ કરનાર અમલદારે તેઓના નિવેદન લીધેલા. એ વાત ખરી છે કે, તેઓએ પૃથ્થકરણ રીપોર્ટ વાંચેલ નહિ. એ વાત ખરી છે કે, જે નમુનો લેવામાં આવેલ તો ઝેરી પદાર્થ હોવાનુ તેઓને જાણવા મળેલ નહિ.

(૬.૭) આ કામે ફરીયાદપક્ષ દ્વારા સાહેદ–દિનેશભાઇ કેશુભાઇ પદમાણીને આંક–૪૭ થી સોગંદ પર તપાસેલા છે. તેઓએ તેમની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, તેઓ બનાવ સમયે શાપર વેરાવળ મુકામે કેપ્ટન ટ્રેકટર વાળી શેરી નિધી ફુડસ નામની પેઢી તેમના નામની હતી જે સને–૨૦૨૦ મા તેઓએ આરોપઓને વહેંચી નાંખેલ. બાદ ૧.૫ વર્ષ પછી જાણવા મળેલ કે, ઘી શુધ્ધ ન હોવાના કારણે તેમને ગોંડલ તાલુકા પોલીસ સ્ટેશને બોલાવી પુછપરછ કરેલી. જે તે વખતે નિધ ફુડ પ્રોડકટનુ વેચાણ ખત કરેલ જે આં–૪૮ થી રજુ રાખેલ છે.

સદર સાહેદની આરોપીપક્ષ દ્વારા કરવામાં આવેલ ઉલતપાસમાં તેઓ એ હકીકતનો સ્વિકાર કરે છે કે, એ વાત ખરી છે કે, મશીનરીનુ વેચાણ કરેલ તે બાબતે પોલીસે પુછપરછ કરેલ તે સિવાય બીજી કોઇ પુછપરછ કરેલ નહી.

(૬.૮) આ કામે ફરીયાદપક્ષ દ્વારા સાહેદ–સાગરભાઇ બાવાભાઇ સારીયાને આંક–૫૭ થી સોગંદ પર તપાસેલા છે. તેઓએ તેમની સોગંદ પરની જુબાનીમાં ફરીયાદપક્ષના કેસને

સમર્થન આપેલ ન હોય વિધ્વાન એ.પી.પી.શ્રીની વિનંતીથી સદર સાહેદને હોસ્ટાઇલ જાહેર કરેલ છે.

(૬.૯) આ કામે ફરીયાદપક્ષ દ્રારા સાહેદ–ધવલભાઇ જેન્તીલાલ સોલંકને આંક–૫૩ થી સોગંદ પર તપાસેલા છે. તેઓએ તેમની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, તેઓ ખોરાક અને ઔષધ નિયમન તંત્ર રાજકોટ ખાતે ફુડ સેફ્ટી આફીસર તરીકે ફરજ બજાવતા હતા ત્યારે તા. ૧૨–૧૦–૨૦૨૧ ના રોજ તેઓ તથા એસ.જી. વડુકર ફુડ સેફટી ઓફીસર સાથે સાક્ષી શ્રી બ્રલભંદ્ર સિંહ ઉર્ફે કાનભા મંગલસિંહ જાડેજાઓને પંચ સાક્ષી રહેવા અંગે પુછતા તેઓ સ્વેચ્છાયે સાક્ષી તરીકે રહેલા અને પેઢી ગીરીરાજ ફુડસ, ગેલેકસી પેટ્રોલીયમ, ગાયત્રી સ્ટીલ ફેબ્રીકેશન વાળી ગલી ખાતે સાથે આવી ફુડ સેફટીની કામગીરીમાં સાક્ષી તરીકે રહેલ. સ્થળ ઉપર તેઓ પહોચેલા. પી.એસ.આઇ.શ્રી ડી.પી. ઝાલાને રૂબરૂ મળી બનાવની સઘળી હકીકત જણાવેલ કે પેઢીના કુલ બે ભાગીદાર છે. નિલેશભાઇ મહેન્દ્રભાઇ કારીયા, કરણભાઇ ભરતભાઇ છગ એફ.બી.ઓ.(ફુડ બીઝનેશ ઓપરેટર)ને પુછતા જણાવેલ કે નિલેશભાઇ મહેન્દ્રભાઇ કારીયા અને તે આ પેઢીના ભાગીદાર તથા તે જવાબદાર છે. પેઢીનું ફુડ લાયસન્સ રજુ કરવાનું જણાવતા તમોએ અરજી કરેલ છે પરંતુ ફુડ લાયસન્સ મળેલ નથી અને તમોએ લાયસન્સ કે લાયસન્સની પહોંચ (સ્લીપ) રજુ કરી શકેલ નહી. તપાસ કરતા પેઢીની અંદર વિવિઘ ઘીના પેકીંગ કરેલા ટીન, જાર પડેલા હતા જે પૈકી શ્રી સહજ કાઉ ઘી ૫૦૦ એમ.એલ. કંપની પેક જાર ના કુલ ૮૦૦ જાર , શ્રી સહજ કાઉ ઘી ૧ લી. કંપની પેક જાર ના ૧૫૨ જાર પડેલા હતા. તથા શ્રી સહજ કાઉ ઘી ૨૦૦ એમ.એલ. કંપની પેક ૧૧૨૫ જાર પેડલા હતા તથા શ્રી સહજ કાઉ ઘી ૧૫ કિ.ગ્રા. ના ૧૦ ટીન કંપની પેક પડેલા હતા. ડી.એસ.જી. એફ.એલ.વી. ૧૪ બોટલ (ફલેવર) ની ૩ બોટલ પડેલી હતી. તથા અન્ય ઘી પણ પડેલુ હતુ જે પૈકી અમો દ્રારા શ્રી સહજ કાઉ ઘી ૫૦૦ એમ.એલ. કંપની પેક જાર ના કુલ ૮૦૦ જાર પૈકી નમુના નં. ૮૦/૨૦૨૧, શ્રી સહજ કાઉ ઘી ૧ લી. કંપની પેક જાર ના ૧૫૨ જાર પૈકી નમુના નં. ૮૧/૨૦૨૧ પડેલા હતા. તથા શ્રી સહજ કાઉ ઘી ૨૦૦ એમ.એલ. કંપની પેક ૧૧૨૫ જાર પૈકી નમુના નં. ૮૨/૨૦૨૧ પેડલા હતા તથા શ્રી સહજ કાઉ ઘી ૧૫ કિ.ગ્રા. ના ૧૦ ટીન પૈકી નમુના નં. ૮૩/૨૦૨૧ કંપની પેક પડેલા હતા. તથા ડી.એસ.જી. એફ.એલ.વી. ૧૪ બોટલ (ફલેવર) ની ૩ બોટલ પૈકી નમુના નં. ૮૪/૨૦૨૧ પડેલી હતી. નમુનાના નંબર ૮૦/૨૦૨૧ વાળી ખાદ્ય ચીઝ શ્રી સહજ કાઉ ઘી ૫૦૦ એમ.એલ. કંપની જાર બેચ નં. ૦૦૯

મેન્યુફેકચરીંગ તા. ૦૧–૦૮–૨૦૨૧ ના કુલ ૮૦૦ જાર નીચે મુજબનું એક સરખી વિગત વાળુ લેબલ હતુ. શ્રી સહજ કાઉ ઘી ૫૦૦ એમ.એલ. કંપની જાર બેચ નં. ૦૦૯ મેન્યુફેકચરીંગ તા. ૦૧–૦૮–૨૦૨૧ ન્યુટ્રીશનલ ઇન્ફોર્મેશન, ઇનગ્રેડીયન, વેજ સિમ્બોલ/એમ.આર.પી. લખેલા હતા. તથા એફ.એસ.એસ.આઇ. લાયસન્સ નં.૧૦૭૧૦૬૧૯૦૦૦૨૪૭ લખેલ હતુ. તથા મેન્યુ. પી.કે.ડી. એન્ડ માર્કેટ બાય શ્રી નિધી ફુડ પ્રોડકટસ સર્વે નં. ૧/૨ પ્લોટ નં. ૭ પડવલા રોડ નિયર કેપ્ટન ટ્રેકટર વેરાવળ શાપર રાજકોટ ૩૬૦૦૨૪ ગુજરાત ઇન્ડીયા લખેલુ હતુ. આ પૈકી ચાર જાર એફ.બી. ઓ. અમોને વેચાણ આપેલા જેના ચાર ભાગના મથાળે જાર અને ઢાંકળ બન્ને પર આવે તેમ તેઓને ફળવાયેલા સીલ પર કમીશન ઓફ ફુડ સેફ્ટી ગુજરાત એફ.એસ.ઓ. નંબર ૦૭૦ એમ્બોસ થયેલ છે તેના વડે લાખનું એક એક સીલ મારેલ. ત્યારબાદ આ ચારેય ભાગ પર સદરહુ નમુના નં. ૮૦/૨૦૨૧ વાળા લેબલ ચારેય ભાગ પર ગુંદર વડે સફાઇ પુર્વક ચીપકાવેલ ત્યારબાદ એક દમ જાડા અને મજબુત ગ્રાઉન્ડ પેપર વડ નમુનાના ચારેય ભાગને અલગ અલગ રહે તેમ સંપુર્ણ ગોળાકાર વિટાળીને છેડાના ભાગ અંદરની તરફ રહે તેમ ગુંદર વડે ચીપકાવેલ ત્યારબાદ તેના પર ડી.ઓ.શ્રી એલ.ડી. ફરદુની સહી તથા સિક્કા વાળી પેપર્સ સ્લીપ નં. ૮/ એફ.ડી.એ./આર.જે.ટી./એચ.ક્યુ.–૫ /૮૦/૨૦૨૧ વાળી પેપર્સ સ્લીપ નમુનાના ચારેય ભાગ પર અલગ અલગ રહે તમે તળીયેથી લઇને મથાળે આવે તેમ સંપુર્ણ ગોળાકાર વીટાળીને અને તળીયાના ભાગે બન્ને છેડા ગુંદર વડે ચીપકાવેલ આજ રીતે નમુના નં. ૮૧/૨૦૨૧, ૮૨/૨૦૨૧, ૮૩/૨૦૨૧, તથા ૮૪/૨૦૨૧ ના નમુના નિયમ અનુસાર લીધેલા. જે નમુના લીધા બાદ બાકીનો જથ્થો બોન્ડ ઓફ શ્યોરીટી તરીકે મૃગ વિક્રાંતભાઇ ઘનશ્યામભાઇને રજુ કરેલ જેની હાજરીમાં બાકી રહેલો તમામ જથ્થો જેની કિંમત કુલ ૫,૦૧,૨૮૭/– (પાંચ લાખ એક હજાર બસો સતીયાશી પુરા) એફ.બી.ઓ.ની કસ્ટડીમાં સ્થળ પર શીઝ કરેલ જે માટે ફોર્મ નં. ૨,૩ અને ૪ ભરેલા. સદર સાહેદે પોતાની જુબાની દરમ્યાન આંક–૫૪ થી આંક–૧૦૨ સુધીના દસ્તાવેજ પુરાવા રજુ રાખેલા છે.

સદર સાહેદની આરોપીપક્ષ દ્રારા કરવામાં આવેલ ઉલતપાસમાં તેઓ જણાવે છે કે, તેઓની જાણ મુજબ પ્રાથમીક પંચનામુ એટલે પોલીસ, પોલીસ સ્ટેશનેથી નિકળતા પહેલા જે પંચનામુ કરે તે તેજ છે. તેઓ એ હકીકતનો સ્વિકાર કરે છે કે, એ વાત ખરી છે કે, પોલીસના કહેવાથી તેઓ સીધા સ્થળ પર ૪.૩૦ વાગ્યે ગયેલા. એ વાત ખરી છે કે તેઓ પહોંચ્યા પહેલા પોલીસ અને તેઓના પંચ વચ્ચે શું વાતચીત થયેલ તે તેઓ કહી શકે નહિ. એ વાત ખરી છે કે,

સેમ્પલ લીધા ત્યારથી રીપોર્ટ આવેલ ત્યાં સુધી તેઓએ નામદાર કોર્ટમાં ફરીયાદ કરેલ નથી. રીપોર્ટમાં અખાધ્ય કેમીકલ આવેલ નહિ. આ કામમાં પૃથ્થકરણ અહેવાલમાં જે સ્ટાન્ડર્ડ આપવામાં આવેલા છે તેનાથીી વિપરીત /વેરીએશન આવેલ છે. એ વાત ખરી છે કે રજુ થયેલ રીપોર્ટ એફ.એસ.એસ.આઇ. ના નિયમ મુજબ કરવામાં આવેલ રીપોર્ટ છે. એ વાત ખરી છે કે, આ રીપોર્ટમાં અખાધ્ય પદાર્થ મળેલાનો ઉલ્લેખ નથી.

**(૬.૧૦)** આ કામે ફરીયાદપક્ષ દ્વારા ફરીયાદી/તપાસ કરનાર અધિકારી-ધર્મરાજસિંહ પૃથ્વીરાજસિંહ ઝાલાને આંક-૧૦૮ થી સોગંદ પર તપાસેલા છે. તેઓએ તેમની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, તા.૧૨-૧૦-૨૦૨૧ ના રોજ કલાક ૧૩-૪૦ વાગ્યે તેઓ તેમના સ્ટાફના માણસો સાથે ગોંડલ તાલુકા પોલીસ સ્ટેશનમાં હાજર હતા તે દરમ્યાન તેઓને ખાનગી રાહે હકીકત મળેલ કે, ભોજપરા જી.આઇ.ડી.સી.માં ડુપ્લીકેટ ઘી બનાવીને વેચાણ કરે છે. જેથી બે રાહદારી પંચો બોલાવી ભોજપરા જી.આઇ.ડી.સી.માં ચામુંડા ફેબ્રીકેશન વાળી શેરીમાં એક ગોડાઉનમાં ખાનગી વાહનમાં ગયેલ ત્યાં એક દરવાજો ખુલ્લો હોય જેની અંદર પ્રવેશી જોતા ત્યાં પીળુ પ્રવાહી ભરેલ પ્લાસ્ટીકના ડબા જુદી જુદી સાઇઝના ભરેલા હતા. ત્યાં બ માણસો પ્લસ્ટીકના ડબા ઉપર શ્રી સહજ ઘી ના સ્ટીકર લગવતા હતા. તેઓના પંચો રૂબરૂ નામ ઠામ પુંછતા એક નીલેશભાઇ મહન્દ્રભાઇ કારીયા તથા બીજા કરણભાઇ ભરતભાઇ રહે-ગોંડલ વાળા હોવાનુ જણાવેલ. તેઓની પાસે આ પ્રોડકટ બનાવવાનુ લાયસન્સ માંગતા તેની પાસ ન હોવાનુ જણાવતા તેઓએ ફુડ એન્ડ ડ્રગ્સ વિભાગને જાણ કરીને બોલાવતા ફુડ એન્ડ ડ્રગ્સ વિભાગના અધિકારીઓએ આવી તેઓની રૂબરૂમાં જુદા જુદા પ્લાસ્ટીકના ડબલા ૫૦૦ એમ.એલ. ૨૫૦ એમ.એલ. તથા એક લીટરના ડબા તથા ૧૫ લીટરના પતરાના ડબલા કુલ નંગ ૩૨૯૫ કિંમત રૂા.૭,૨૩,૨૮૦/- નો મુદાામાલ કબજે કરી સદર મુદામાાલ પૃથ્થકરણ માટે સેમ્પલ ભરેલ. સરકાર તરફે તેઓએ ફરીયાદ આપેલી જે આંક-૧૦૯ થી રજુ રાખેલ છે.

સદર ફરીયાદીની આરોપીપક્ષ દ્વારા કરવામાં આવેલ ઉલતપાસમાં તેઓ એ હકીકતનો સ્વિકાર કરે છે કે, એ વાત ખરી છે કે, પૃથ્થકરણના રીપોર્ટમાં સેમ્પલ અખાધ્ય અને માનવ જીવનન જોખમી છે તેવુ જણાવેલ નથી. એ વાત ખરી છે કે આ કામે ફુડ ઇન્સ્પેકટર ફરીયાદી બનેલા નહિ.

(૭) આમ, હાલના કામે ફરીયાદપક્ષે આરોપીઓની સામે ઈ.પી.કોડની કલમ ૨૭૨, ૨૭૩, ૪૧૭, ૪૨૦, ૧૧૪ મુજબના ગુન્હાનો આરોપ સાબિત કરવાનો છે.આમ હાલના આરોપીઓએ કોઇ ખાધ્ય પદાર્થ અથવા પીણુ ખાવા કે પીવા માટે હાનિકારક બને તે રીતે તેમાં ભેળસેળ કરી છે,અને આવી ભેળસેળ તે વસ્તુ કે પદાર્થ વેચાણ થશે તેવા ઈરાદા સાથે કરી છે,તથા આવી રીતે વેચાણ કરેલી વસ્થુ કે પદાર્થ ખાવા પીવા માટે હાનિકારક છે તેની જાણ સાથે વેચાણ કરવા માટે મુકેલી છે.વધુમાં આરોપીઓએ આવી ભેળસેળ કરીને અખાધ્ય પદાર્થ વેચવા માટે મુકીને લોકોને ખરીદ કરવા માટે પ્રેરેલ છે તે હકીકત ફરીયાદપક્ષે સાબિત કરવાની છે.આમ ફરીયાદપક્ષનો આક્ષેપ એવો છે કે,હાલના આરોપીઓએ તેઓના કબજાવાળા ગોડાઉનમાં ધીમાં ભેળસેળ કીને તેને વેચાણ કરીને હાલનો ગુનો કરેલ છે તેના અનુસંધાનમાં જોવામાં આવે તો ફરીયાદમાં બતાવેલો ધીનો જથ્થો આરોપીઓ પાસેથી મ/L આવેલ હતો તે સાબિત કરવા માટે ફરીયાદપક્ષે આંક–૧૯ થી પંચનામુ રજુ કરેલ છે અને તેના પંચસાહેદ બલભદ્રસિંહ મુળગસિંહ જાડેજાએ આંક–૧૮ થી પુરાવો આપેલો છે તેમાં તેઓએ આ પંચનામાની તમામ હકીકતોનો ઈન્કાર કરેલો છે.તેજ પ્રમાણે પંચ સાહેદ સાગરભાઈ બાવાભાઈ સાકરીયાએ આંક–૫૧ થી પુરાવો આપેલો છે તેઓએ પણ આંક–૧૯ વાળા પંચનામાની કોઈ હકકીતને સમર્થન કરેલ નથી.

હવે ફરીયાદપક્ષે સાહેદ નિમેશભાઈ રણછોડભાઈ ઠુંમરે આંક–૧૦ થી પુરાવો આપેલ છે તેઓએ બનાવવાળી જગ્યા આરોપીઓને ભાડે આપેલી હતી અને તેનો ભાડા કરાર આંક–૧૧ થી રજુ કરેલ છે આમ બનાવવાળી જગ્યા બનાવ સમયે હાલના આરોપીઓના કબજામાં હતી તે હકીકત ફરીયાદપક્ષે સાબિત કરવાનો પ્રયત્ન કરેલો છે. વધુમાં ફરીયાદપક્ષના કેસ મુજબ બનાવની જાણ ફરીયાદી પો.સ.ઈ.શ્રી ડી.પી.ઝાલાને થતાં તેઓ તથા અન્ય પોલીસના માણસો અને પંચના માણસો બનાવવાળી જગ્યાએ ગયેલા ત્યારબાદ ફુડ સેફટી ઓફીસરને ફોન કરીને બોલાવેલા અને તેઓ આશરે ૧૬.૩૦ વાગ્યે આવેલા હતા.આ ફુડ સેફટી ઓફીસર ધવલભાઈ જેન્તીલાલ સોલંકીએ આંક–૫૩ થી પુરાવો આપેલ છે તેમાં જણાવેલ છે કે,તેઓ ખોરાક અને ઔષધ નિયમન તંત્ર રાજકોટ ખાતે ફુડ સેફ્ટી આફીસર તરીકે ફરજ બજાવતા હતા ત્યારે તા. ૧૨–૧૦–૨૦૨૧ ના રોજ તેઓ તથા એસ.જી. વડુકર ફુડ સેફ્ટી ઓફીસર સાથે સાક્ષી શ્રી બ્રલભંદ્ર સિંહ ઉર્ફે કાનભા મંગલસિંહ જાડેજાઓને પંચ સાક્ષી રહેવા અંગે પુછતા તેઓ સ્વેચ્છાયે સાક્ષી તરીકે રહેલા અને પેઢી ગીરીરાજ ફુડસ, ગેલેકસી પેટ્રોલીયમ, ગાયત્રી સ્ટીલ ફ્રેબ્રીકેશન વાળી ગલી ખાતે સાથે આવી ફુડ સેફટીની કામગીરીમાં સાક્ષી તરીકે રહેલ. ત્યારબાદ

સદર સાહેદે તેઓની ફરજ અદા કરી તે મુજબ પુરાવો આપેલ છે સાથે દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે.વધુમાં સદર સાહેદના પુરાવા મુજબ તેઓની સાથે સાક્ષી એસ.જી. વડુકર ફુડ સેફ્ટી ઓફીસર સાથે સાક્ષી શ્રી બ્રલભંદ્ર સિંહ ઉર્ફે કાનભા મંગલસિંહ જાડેજાઓને આ કામે સાક્ષી તરીકે તપાસેલા નથી.વધુમાં સાહેદ ધવલભાઇ જેન્તીલાલ સોલંકીએ તેઓની ઉલટતપાસમાં એ હકકીત સ્વીકારેલી છે કે,હુ પહોચ્યો તે પહેલા પોલીસ અને તેઓના પંચ વચ્ચે શુ વાત થયેલી તે હુ કશી શકુ નહી.રીપોર્ટમાં અખાધ્ય કેમીકલ મળી આવેલ નહી. એ વાત ખરી છે કે રજુ થયેલો રીપોર્ટ એફ.એસ.એસ.આઇ. ના નિયમ મુજબ કરવામાં આવેલ રીપોર્ટ છે.એ વાત ખરી છે કે,આ રીપોર્ટ અખાધ્ય પદાર્થ મળેલાનો ઉલ્લેખ નથી.વધુમાં ત.ક.અમલદાર ધર્મરાજસિંહ પૃથ્વીરાજસિંહ ઝાલાએ આંક-૧૦૮ થી પુરાવો આપેલો છે તેમાં તેઓએ હાલના ગુનાની ફરીયાદ કરેલાનો તથા તપાસ કયા" અંગેનો પુરાવો આપેલો છે વધુમાં તેઓએ ઉલટતપાસમાં જણાવેલ છે કે,એ વાત ખરી છે કે,પૃથ્થકરણના રીપોર્ટમાં સેમ્પલ અખાધ્ય અને માનવ જીવનને નોખમી છે તેવુ જણાવેલ નથી.આમ હાલના કામે ફરીયાદપક્ષે બનાવવાળી જગ્યાએથી જે ધીનો જથ્થો કબજે કરેલો હતો તેમાંથી માનવ જીવનને જોખમ થાય તેવો કોઇ પદાર્થ મળી આવેલ નથી.

વધુમાં ફરીયાદપક્ષે આંક-૭૨ થી સાહેદ અજયભાઇ પ્રભુદાસ આડતીયાએ પુરાવો આપેલ છે તેમાં તેઓએ જણાવેલ છે કે,તેઓ સને-૨૦૨૧ માં રાજકોટમાં બેટરીનુ વોલગા નામની દુકાન ચલાવતા હતા. તે વખતે બંન્ને આરોપીઓ તેમની દુકાને આવેલા અને જે તે વખતે નિલકંઠ એન્ટરપ્રાઇઝ નામની તેઓ એજન્સી ચલાવતા હતા. બંન્ને આરોપીઓએ તેઓને જણાાવેલ કે, " શુધ્ધ અને પ્યોર ઘી નુ વેચાણ કરીએ છીએ. જે અમો ગીરીરાજ ફુડસ નામની પેઢીથી ચાલુ કરેલ છે અને અમારી પાસે બધા લાયસન્સ પણ છે ". આ ઘી નુ વેચાણ કરીને તેઓને ૨૦૦ રૂપીયા કમીશન મળતુ હતુ. આ બંન્ને ભાઇઓએ ખાત્રી આપવા માટે અરસ-પરસ સમજુતીનો કરાર કરી આપેલ જેમાં બંન્નેએ સહિઓ કરી આપેલી અને તમામ પ્રકારની જવાબદારી તેઓની રહેશે તેવુ લખી આપેલ જે કરાર આંક-૭૩ થી રજુ કરેલ છે.પરંતુ હાલના કામે સદર સાહેદે આરોપીઓ પાસેથી કોઇ ધીનો જથ્થો મેળવેલો હોય અને સાહેદ અજયભાઇએ તેનુ વેચાણ કરેલ હોય તેવો કોઇ પુરાવો આ કામે રજુ થયેલો નથી.આમ ફરીયાદપક્ષનો સમગ્ર પુરાવો વંચાણે લેતાં,હાલના આરોપીઓએ ધીમાં માનવ શરીરને હાનિ થાય તેવી ભેળસેળ કરેલી હોય તેવો કોઇ પુરાવો રજુ થયેલો નથી.વધુમાં આવો કોઇ ધીનો જથ્થો બજારમાં વેચાણ કરવામાં આવેલો હોય તેવો પણ કોઇ પુરાવો રજુ થયેલો નથી આમ ઇ.પી.કો.કલમ-૨૭૨,૨૭૩ આવશ્યક તત્વો સાબિત થતા નથી.આમ આરોપીઓએ ધીમાં ભેળસેળ કરીને તેને વેચાણ

માટે રાખીને ખરીદનારાઓને ખરીદ કરવા પ્રેર્યા હોય તે હકીકત પણ સાબિત થતી ના હોય ફરીયાદપક્ષ આરોપીઓની સામેનો કેસ સાબિત કરી શકેલા ના હોય મુદા નં.–૧ નો જવાબ નકારમાં આપીને મુદા નં.–૨ પરત્વે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**ઃઃ– આ ખ રી હુ ક મ ઃઃ–**

**(૧)** આ કામના આરોપીઓ **નિલેશભાઇ મહેન્દ્રભાઇ કારીયા, (૨) કરણભાઇ ભરતભાઇ છગ, રહે–બંન્ને–ગોંડલ, જી.રાજકોટવાળા** ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ – ૨૪૮(૧) અન્વયે ભારતીય દંડ સંહિતાની કલમ ૨૭૨, ૨૭૩, ૪૧૭, ૪૨૦, ૧૧૪ મુજબના શિક્ષાને પાત્ર તહોમત સબબ નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**(૨)** ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૪૩૭(એ) અન્વયે આરોપીઓએ અપીલકોર્ટમાં હાજર રહેવાની બાંહેધરી માાટે રૂા.૫,૦૦૦/– ના જામીન રજુ રાખવા.

હુકમ આજરોજ તા.**૩૦ મી, માહેઃ–માર્ચ, સને–૨૦૨૬** ના રોજ ખુલ્લી અદાલત માં વાંચી સંભળાવી જાહેર કર્યો.

ગોં ડ લ.
તા.૩૦/૦૩/૨૦૨૬

(**મેહુલ દેવદાસભાઇ પરમાર**)
એડીશ્નલ ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ,
ગોં ડ લ.
**(GJ01036)**

(M.B.VISANI)